
### લોકસભાની ચૂંટણી ક્ષિતિજે ડોકાઈ રહી છે ત્યારે બનાસકાંઠા ભાજપમાં ભાંજગડ

# લોકસભાના ઉમેદવાર તરીકે ડો. મોગરાની દાવદારીની પત્રિકાએ જગાવ્યો વિવાદ

## વર્તમાન સાંસદ હરીભાઈ ચૌધરીની ઉમેદવારીને અપ્રત્યક્ષ પડકાર ફેંકતા પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખ


ગુજરાતના મુખ્યમંત્રી અને પી.એમ. ઈન વેઈટીંગ નરેન્દ્રમોદીની આગેવાની તળે કેન્દ્રમાં સત્તાના સુત્રો હસ્તગત કરવા ભાજપ અને તેની ભગીની સંસ્થાઓ મરણીયા પ્રયાસ હાથ ધર્યા છે. ભાજપે સત્તા હસ્તગત કરવા ૨૭૨ પ્લસનો લક્ષ્યાંક હાંસલ કરવાની કવાયત હાથ ધરી દીધી છે. જેના ભાગરૂપે હાલમાં દિલ્હી ખાતે ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીણીમાં ગહન ચિંતન થઈ રહ્યુ છે. ત્યારે સરહદી બનાસકાંઠા જીલ્લાના ભાજપમાં લોકસભાની ચૂંટણીને લઈને ઉમેદવારો મેદાને જંગમાં ઉતરવાની તૈયારીઓ આરંભી દીધી છે. બનાસકાંઠા જીલ્લા ભાજપના માજી પ્રમુખ ડો.કે.એસ.મોગરાએ પણ લોકસભાની ટીકીટ માંગતા પેમ્ફલેટં ની કાર્યકરોમાં વહેંચણી કરતા નવો વિવાદનો મધપુડો છંછેડાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.


વંદે માતરમ્
...વિનંતી છે.
આભાર,
ભારત માતાકી જય
આપનો વિશ્વાસું
ડૉ. કે. એસ. મોગરા
ભાજપ સક્રિય કાર્યકર્તા
પાલનપુર

બનાસકાંઠા જીલ્લા ભાજપના માજી પ્રમુખ ડો.કે.એસ.મોગરાએ ભાજપના કાર્યકરોને સંબોધતા કરેલા જાહેર નિવેદનરૂપી પત્રિકામાં તેઓએ જણાવ્યું છે કે, બનાસકાંઠા એક પછાત જીલ્લો છે. જ્ઞાતિવાદ, પુંજીવાદ અને અવસરવાદથી પરે સક્ષમ નેતૃત્વ સમયની જરૂરીયાત છે. ત્યારે જીલ્લાના સન્માનીય ભાજપના કાર્યકર્તાઓ અને શુભેચ્છકો તથા ભાજપ મોવડી મંડળ પોતાની પુર્ણકાલીન સમર્પિત કારકીર્દીને ધ્યાનમાં લઈ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પોતાને ઉમેદવાર બનાવે તેવી વિનંતી કરતું પેમ્ફલેટ તૈયાર કરાવી જીલ્લાભરના ભાજપી કાર્યકરોમાં ફરતું કર્યુછે. જેને લઈને આવનારા દિવસોમાં ભાજપ માટે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર પસંદગીનો મુદ્દો તુલ પકડે તેવી શકયતાઓ વર્તાઈ રહી છે.



આ અંગે ડો.મોગરાએ રખેવાળ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, વર્તમાન સાંસદ હરીભાઈ ચૌધરીને ભાજપે પાંચવાર તક આપી છે. ત્યારે પછાત જીલ્લાના વિકાસ માટે પોતે હજી પણ યોગદાન આપી શકે તેમ હોઈ ટીકીટની માંગણી કરી છે. બાકી, પાર્ટી જે નિર્ણય લેશે તે મને શિરોમાન્ય રહેશે. તેઓએ આ હરકતને અનુશાસન હીનતા ગણવા સંબધે જણાવ્યું હતું કે, ભાજપ પુર્ણ લોકશાહીમાં માનનારો પક્ષ છે. અને તેમાં ટીકીટ માંગવાનો હક દરેક કાર્યકતા છે. જેને અનુશાસનહીનતા ગણી શકાય નહી. વધુમાં તેઓએ એકના એક ઉમેદવારને રીપીટ કરવા સામે નારાજગી કરી અન્ય કાર્યકર્તાને પણ તક મળે તેવી લાગણી વ્યકત કરી હતી. જોકે, પક્ષના ધારાધોરણ મુજબ પક્ષના ફોરમમાં પોતાની લાગણી વ્યકત કરવાને બદલે ડો.મોગરાએ જાહેર નિવેદન કરી વિવાદને જન્મ આપ્યો હોવાની ચર્ચા પણ રાજકીય વિશ્લેષકોમાં ચર્ચાસ્પદ બની છે. જોકે, વર્તમાન સાંસદ હરીભાઈ ચૌધરીની દાવેદારી સામે પડકાર ફેંકતા આ પત્રિકા યુધ્ધમાં ભાજપના જ કોઈ દિગ્ગજ નેતાનું છુપું પીઠબળ હોવાની ચર્ચાએ પણ જોર પકડયું છે. ત્યારે આવનારા દિવસોમાં બનાસકાંઠા લોકસભાની ઉમેદવાર પસંદગીનો મુદ્દો ભાજપ મોવડી મંડળ માટે શિરદર્દરૂપ સમસ્યા બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર પસંદગીનો વિવાદ બનાસકાંઠાની લોકસભાની ચૂંટણીમાં નુકસાનકારક પુરવાર ન થાય તે માટે ભાજપ મોવડી મંડળ ડેમેજ કંટ્રોલ કવાયત હાથ ધરી આ મુદ્દાને કઈ રીતે મુલવે છે તેના પર જીલ્લાભરના કાર્યકરોની મીટ મંડાઈ છે.



### ડીસા પોલીસ મથકથી રાજપુરના માર્ગમાં ટ્રાફિક સમસ્યાથી વાહન ચાલકો પરેશાન

ડીસામાં પોલીસ સ્ટેશનથી રાજપુર જતાં માર્ગમાં આવેલી દુકાનો અને ગોડાઉનોમાં માલ ઉતારવા માટે આવતી ટ્રકો તેમજ અન્ય ભારે વાહનોને કારણે ટ્રાફિક સમસ્યા જટીલ બનતા વાહન ચાલકો પરેશાની વેઠી રહ્યા છે. રાજપુર જતા માર્ગમાં માલ ઉતારવા માટે આવતી ટ્રાન્સપોર્ટની ટ્રકોને કારણે વાહન ચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. ટ્રાન્સપોર્ટની ટ્રકો દ્વારા વેપારીઓને ત્યાં કલાકો સુધી માલ ઉતારવામાં આવે છે. આ ટ્રકો જાહેર માર્ગો પર ઉભી રાખવામાં આવે છે. જેના કારણે અહીંથી પસાર થતા વાહન ચાલકો ટ્રાફિકમાં અટવાય છે. જાહેર માર્ગો પર ઉભી રહેતી ટ્રકોને કારણે રહીશો અને વેપારીઓ વચ્ચે અવાર-નવાર મામલો ગરમાવો હોવાના ભુતકાળમાં બનાવો બની ચુકયા છે. પરંતુ પોલીસ દ્વારા સતત આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ટ્રાફિકની સમસ્યાને કારણે અકસ્માતના બનાવ પણ અવાર-નવાર બને છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા આ બાબતની નોંધ લઈ ટ્રકો સામે કાયદેસરની પગલાં ભરવામાં આવે તેવી લોકોની માંગ છે.

# ઉચીધનાલ પ્રા. આરોગ્ય કેન્દ્રની મહીલા કર્મચારીઓની છેડતી અંગે ડૉક્ટર વિરૂદ્ધ ઉચ્ચકક્ષાએ રજૂઆત


## મેડીકલ ઓફીસરની અઘટીત માગણીઓ તથા બિભત્સ વર્તનથી વાજ આવી જઈ ફીમેલ હેલ્થવર્કર તથા ત્રણ આશા વર્કરોએ ડી.ડી.ઓ. તથા જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિતમાં રજુઆત કરી

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરની અઘટીત માગણીઓ તથા બિભત્સ વર્તનથી વાજ આવી જઈ ફીમેલ હેલ્થ વર્કર તથા ત્રણ આશા વર્કર બહેનોએ ડૉક્ટરની વિરૂદ્ધમાં પગલાં ભરવા ડીડીઓને લેખિતમાં રજુઆત કરી છે. તાલુકાની આરોગ્ય ફીમેલ કર્મચારીઓમાં ડૉક્ટર વિરૂદ્ધ રોષ ભભુકી ઉઠ્યો છે.

ઉચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અંબાઈ ગઢા ગામમાં કાર્યરત હેલ્થવર્કર ભાંભી વાસંતીબેન જીવાભાઈ, આશા વર્કરો ગરો જ્યોત્સનાબેન ભાવેશભાઈ ખાંટ, હંસાબેન બરસિંહભાઈ તથા પરમાર વર્ષાબેન કનુભાઈએ ડીડીઓ તથા જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિતમાં કરેલી રજુઆત અનુસાર ઉચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચંદ્રપ્રકાશ ગંગારામ મકવાણા મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. આ ડૉક્ટર હેલ્થવર્કર તથા આશા વર્કરોને ફરજ દરમિયાન સબ સેન્ટરમાં બોલાવી બિભત્સ શબ્દો બોલી અઘટીત માગણીઓ કરે છે. ઘણીવાર ઓફીસના દરવાજા-બારીબારણા બંધ કરી અભદ્ર અડપલાં કરી હાથ પકડી હેરાન પરેશાન કરી છેડતી કરે છે. ડૉક્ટર કાયમ નશામાં ધૂત રહે છે જેથી આ મહિલા કર્મચારીઓ ભયના ઓથાર નીચે ફરજ બજાવે છે.

### પોલીયો રવિવાર અંતર્ગત પોલીયાની રસી પીવડાવાઈ



ભારત દેશમાં નાના બાળકોમાં જોવા મળતી પોલીયો નામની બિમારીને નાથવા સરકારશ્રી દ્વારા સધન અભિયાન હાથ ધરવામાં આવેલ. જેના પરીણામ સ્વરૂપે છેલ્લા ત્રણ વર્ષથી ભારતમાં એકપણ પોલીયાનો કેસ નોધાયો નથી. આગામી થોડા દિવસોમાં વલ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર દ્વારા ભારતને પણ પોલીયો મુકત દેશ ની યાદીમાં સમાવેશ કરવામાં આવશે. ભારતને પોલીયો મુકત દેશ બનાવવા છેડાયેલ અભિયાન અંતર્ગત દો બુંદ જીદગીની કાર્યક્રમ અંતર્ગત ગત રોજ પોલીયો ડે અભિયાન હાથ ધરાયેલ. બનાસકાંઠા જીલ્લામાં પણ આરોગ્ય વિભાગ દ્વારા ઠેરઠેર કાઉન્ટરો ખોલી ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોનો ખોરાક આપવામાં આવેલ. આ ઉપરાંત આ ખોરાકથી કોઈ બાળક વંચીત ન રહી જાય તે માટે આજે આશાબહેનો દ્વારા ડોર ટુ ડોર પોલીયાના ટીપાનુ રસીકરણ હાથ ધરવામાં આવશે.

### ધનસુરા ગ્રામ પંચાયતમાં બિન હરિફ ચૂંટાયા

ધનસુરા ગ્રામ પંચાયત ની પેટા ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં એક ઉમેદવારનાં ફોર્મ ભરાતા તે બિન હરિફ ચૂંટાયો હતો.

ધનસુરા ગ્રામ પંચાયતમાં સદસ્ય માટે તાજેતરમાં પેટા ચૂંટણી યોજાઈ હતી. આ પેટા ચૂંટણીમાં સદસ્ય તરીકે નરસિંહભાઈના પુત્ર ધર્મેન્દ્રભાઈ પટેલે ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી હતી જયારે તેમની સામે કોઈ અન્ય ઉમેદવારે ઉમેદવારી નોંધાવી ન હતી આથી ધનસુરા ગ્રામ પંચાયતના સદસ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને તેમની સદસ્ય તરીકે નિમણુંક કરવામાં આવી હતી.



પોલિયો નાબુદી અભિયાન હેઠળ કાંકરેજ તાલુકાના આકોલી ગામમાં પોલિયોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગામના નાના ભૂલકાઓને આરોગ્ય વિભાગના કર્મચારીઓએ પોલિયોના ડોઝ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હેમુભા વાઘેલા)


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

### ડીસામાં એલઆઈસીના ખાનગીકરણ સામે વિરોધનું બ્યુગલ ફુંકાયુ

વિમા ક્ષેત્રે અગ્રહરોળનું સ્થાન ધરાવતી એલઆઈસીનું ખાનગીકરણ કરવા સરકારે શરૂ કરેલી હિલચાલના વિરોધમાં એલઆઈસી કંપનીના કર્મચારીઓ જથ્થા યાત્રા યોજી સરકારની નિતીઓની ઝાટકણી કાઢી હતી. સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી એલઆઈસીના ખાનગીકરણ માટે હિલચાલ શરૂ થઈ ગઈ છે. જેના કારણે કંપનીમાં કામ કરતા કર્મચારીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. જેનો ઠેર-ઠેર વિરોધ શરૂ થયો છે. ત્યારે ગાંધીનગર ડિવિઝનના ૭૦૦ કર્મીઓ જથ્થા યાત્રા સાથે ડીસામાં આવી પહોંચ્યા હતા. આગામી સમયમાં ૨૦ જાન્યુઆરીએ યોજાનાર નેશનલ અધિવેશનમાં આ જથ્થા યાત્રા પહોંચશે. અને ખાનગીકરણ સામે આંદોલન વિષે આંદોલન વધુ તિવ્ર બનાવાશે.

### કરંડિયા વીર દાદાના મંદિરે નવચંડી યજ્ઞ યોજાયો

પાટણ, તા. ૧૯

પાટણ સ્થિત કરંડિયા વીર દાદાના મંદિર ખાતે આજે નવચંડી યજ્ઞનું ધર્મમય માહોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે શહેરના ગોળશેરીમાં આવેલ પુજય પાઠક સાહેબની ગુરુગાદી ખાતેથી શોભાયાત્રા નીકળી હતી. જેમાં ગોપાળભાઈ પાઠક શોભાયાત્રામાં ખુલ્લી જીપમાં બિરાજમાન થયા હતા. બેન્ડવાજાની સુરીલી સરગમ સાથે ગુરુગાદી ખાતેથી પ્રસ્થાન પામેલી શોભાયાત્રા શહેરના જુદા જુદા માર્ગો પર થઈ કરંડિયા વીર દાદાના મંદિર ખાતે પહોંચી હતી. ત્યારે શોભાયાત્રા જે તે માર્ગો પરથી પસાર થતાં સેવકો અને ભકતોએ ગોપાળભાઈ પાઠકને ફુલહાર પહોવી તેમના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ મંદિર પરિસર ખાતે નવચંડી હવન યોજાયો હતો. તેમજ કરંડીયા વીરદાદાના મંદિર બહાર મેળા જેવો માહોલ સાંજના સમયે જોવા મળ્યો હતો. શોભાયાત્રામાં જોડાનાર ભકતજનોએ આ સેવા કેમ્પોનો લાભ લીધો હતો.

# સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ગામને તાલુકા મથકનો દરજ્જો આપવા પ્રજાજનોની પ્રબળ માંગણી

## શામળાજી વિસ્તારની ૩૯ ગ્રામ પંચાયતોએ મુખ્યમંત્રીને ફેક્સ અને ઈ-મેલ કર્યા

ભિલોડા, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ગામને તાલુકા મથકનો દરજ્જો આપવા પ્રજાજનોની પ્રબળ માંગણી ઉઠવા પામી છે. શામળાજી વિસ્તારની ૩૯ ગ્રામ પંચાયતોના સરપંચોઓએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યાલયમાં ફેક્સ અને ઈ-મેલ કર્યા છે. શામળાજીને તાલુકા મથકનો દરજ્જો આપવામાં આવે તો ૯૦ થી વધુ ગામના પ્રજાજનોને જરૂર ફાયદો થશે તેમ લોકમુખે ચર્ચાય છે. હાલના તબક્કે માત્ર ત્રણ ગ્રામ પંચાયતો સિવાયની બધી જ ગ્રામ પંચાયતોના મતવિસ્તારના પ્રજાજનોને ભિલોડા તાલુકા મથક ખાતે અવર-જવર કરવામાં ૬૦ થી ૭૦ કિલોમીટર જેટલું અંતર દુર પડે છે જેના કારણે શામળાજી વિસ્તારના પ્રજાજનોને સમય અને આર્થિક રીતે ઘસાવું પડતું હોય છે. શામળાજી વિસ્તારમાં ૯૦ થી વધુ ગામડાઓ આવેલા છે જેમાં ૩૯ ગ્રામ પંચાયતો કાર્યરત છે ત્યારે સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ગામને તાલુકા મથકનો દરજ્જો આપવામાં આવે તેવી શામળાજી વિસ્તારના પ્રજાજનોની પ્રબળ માંગણી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સયુંકત ઉપક્રમે હિંમતનગરમાં પ્રજાસત્તાક પર્વની ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાનાર છે ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ગામને તાલુકા મથકનો દરજ્જો આપવામાં આવે તો પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી જશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રી ધ્વારા જીલ્લાઓ તેમજ તાલુકાઓનું વિભાજન કરી અલગ-અલગ દરજ્જાઓ આપવામાં આવે છે ત્યારે શામળાજી ગામને પણ તાલુકા મથકનો દરજ્જો આપવામાં આવે તેવી પ્રજાજનો આશા સેવી રહ્યા છે.

# ડી.ડી.ઓ., જિલ્લા આરોગ્ય અધિકારીને ડોક્ટરની બદલી કરવા લેખિતમાં માગણી કરી છે

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકાના આરોગ્ય વિભાગની મહિલા કર્મચારીઓમાં પણ આ ડૉક્ટર વિરૂદ્ધ રોષ ભભુકી ઉઠ્યો છે. અને ડૉક્ટર વિરૂદ્ધ પગલાં ભરવા માંગણી ઉગ્ર બની છે. અને સમગ્ર તાલુકાની આરોગ્ય મહિલા કર્મચારીઓનું પ્રતિનિધિ મંડળ-ડીડીઓને રૂબરૂમાં રજુઆત કરવા જવાનું હોવાનું જાણવા મળ્યું છે. આ મેડીકલ ઓફીસર મકવાણા દંત્રાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પાંચ વર્ષ અગાઉ ફરજ બજાવતા હતા ત્યારે પણ ડૉક્ટરના બેહુદા વર્તનથી હોબાળો થવા પામ્યો હતો.

આ અંગે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી મનીષભાઈ ફેન્સીએ જણાવ્યું હતું કે ઉચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ફીમેલ હેલ્થવર્કર તથા આશા બહેનોની રજુઆત અંગે ડીડીઓ સાથે ચર્ચા થઈ છે. અને આ ડૉક્ટરની ટુક સમયમાં બદલી કરવામાં આવશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન